NCS Code: 6224.0500, CCode: F01

# મત્સ્યોદ્યોગ વિસ્તરણ અધિકારી

મત્સ્યઉદ્યોગ વિસ્તરણ અધિકારી, માછીમાર સમુદાયોને તેમની મત્સ્યખેતીની પદ્ધતિઓમાં સુધારા સૂચવીને તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે સમજાવે છે અને તેમનું સશક્તિકરણ કરે છે. પરિણામે, માછલીઓનું ઉત્પાદન અને તેમની આવકમાં વધારો થાય છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે જૂથ સાથે મળીને સહજ રીતે કામ કરી શકો છો
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૬૪૦ થી ૪,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે).

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)માં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઈન્ડસ્ટ્રીયલ ફિશ એન્ડ ફિશરીઝ / પ્રાણીશાસ્ત્ર / રસાયણશાસ્ત્ર / ફિશરીઝમાં સ્નાતક (B.Sc) પૂર્ણ કરો, ત્યારબાદ એક્વાકલ્ચર મેનેજમેન્ટ / ફિશરીઝ એક્સટેન્શનમાં ડિપ્લોમા પૂર્ણ કરો.

**અથવા**

મત્સ્ય વિજ્ઞાનમાં સ્નાતક (BFSC)ની ડિગ્રી મેળવો ત્યારબાદ ફિશ પ્રોસેસિંગ / ફિશરીઝ એક્સ્ટેંશન / ફિશરીઝ હાઈડ્રોગ્રાફીમાં અનુસ્નાતક (MFSC)ની ડિગ્રી મેળવો.

પ્રવેશ માટે, તમારે રાજ્ય દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરીક્ષાઓમાં લાયકાત પ્રાપ્ત કરવાની રહેશે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક મત્સ્યઉદ્યોગ વિસ્તરણ અધિકારીનું માસિક વેતન **રૂ. ૯,૩૦૦ થી ૩૪,૮૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3IVSOSN

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે સેન્ટ્રલ લેબ, ફિશ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ, એક્વાકલ્ચર ફાર્મ, એક્વાકલ્ચર હેચરી વગેરેમાં કામ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામકાજનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૭ થી ૮ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઇ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ફિલ્ડમેન → મત્સ્ય નિરીક્ષક → મત્સ્ય ઉદ્યોગ વિસ્તરણ અધિકારી

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફિશ ફાર્મર, ફિશ ઓવરસિઅર, ફિશરીઝ એક્સટેન્શન ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ફિશરીઝ સાયન્સ (મત્સ્ય વિજ્ઞાન) વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સરકારી હોલકર સાયન્સ કોલેજ, ઈન્દોર
૨. સીઓએફએસ, નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી, નવસારી
૩. ફિશરીઝ કૉલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, થૂથુકુડી
૪. ડૉ એમ.જી.આર. ફિશરીઝ કૉલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પોનેરી
૫. સીઓએફ, જુનાગઢ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, જુનાગઢ
૬. સરકારી ડિગ્રી કોલેજ ફોર બોયઝ, બારામુલ્લા
૭. ફિશરીઝ કૉલેજ, અગરતલા
૮. ફિશરીઝ કૉલેજ, ધોલી
૯. ફિશરીઝ કૉલેજ, ઉદયપુર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. સેક્રેડ હાર્ટ કોલેજ, કોચી
૨. સેન્ચ્યુરિયન યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ, ભુવનેશ્વર
૩. કૉલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, વેરાવલ
૪. એમ.ઈ.એસ. અસ્માબી કોલેજ, થ્રિસુર
૫. કરીમ સિટી કોલેજ, જમશેદપુર (ડિપ્લોમા)
૬. દૂન પી.જી. કોલેજ ઓફ એગ્રીકલ્ચર સાયન્સ એન્ડ ટેકનોલોજી, દેહરાદૂન
૭. ફોનિક્સ ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યુશન્સ, રૂરકી
૮. જવાહર ભારતી ડિગ્રી અને પીજી કોલેજ, કાવલી (ડિપ્લોમા)

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/cec21bt01/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ